તા.૦૯/૦૯/૨૦૧૯

પ્રતિ,

તંત્રીશ્રી,

દૈનિક....................

**તા.૧૧/૦૯/૨૦૧૯ના રોજ રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે રાજકોટ મહાનગરપાલિકા, જીલ્લા વહીવટી તંત્ર અને રાજકોટ શહેરી વિકાસ મંડળ(રૂડા)ના રૂ.૫૯૧.૭૩ કરોડના વિવિધ પ્રોજેક્ટના લોકાર્પણ/ખાતમુહૂર્ત થશે.**



રાજકોટ જીલ્લા કલેકટર રેમ્યા મોહન, મ્યુનિસિપલ કમિશનર ઉદિત અગ્રવાલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ઉદયભાઈ કાનગડ, બાંધકામ સમિતિ ચેરમેન મનીષભાઈ રાડીયા, નગર પ્રા.શિ.સમિતિ ચેરમેન નરેન્દ્રસિંહ ઠાકુર, સેનિટેશન કમિટી ચેરમેન અશ્વીભાઈ ભોરણીયા, વોટર વર્કસ કમિટી ચેરમેન દેવરાજભાઈ મકવાણા એક સયુંકત યાદીમાં જણાવે છે કે, તા.૧૧/૦૯/૨૦૧૯ના રોજ રાજકોટ મહાનગરપાલિકાના રૈયા સ્માર્ટ સિટી એરિયામાં રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ, શ્રી પૃથ્વીરાજ ચૌહાણ પ્રા.શાળા નં.૪૮ના નવા બિલ્ડીંગ તથા વોર્ડ નં.૧૩માં ડી.આઈ.પાઈપલાઈન નેટવર્કનુ ખાતમુહૂર્ત તેમજ વોર્ડ નં.૧૦માં નિર્માણ પામેલ

કોમ્યુનિટી હોલ, ૬ વેક્યુમ રોડ સ્વિપિંગ મશીન અને ૫૧ મિનિ ટીપરવાનનુ લોકાર્પણ તેમજ રાજકોટ જીલ્લા વહીવટી તંત્ર અને રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ (રૂડા)ના મામલતદાર કચેરી, રાજકોટ શહેર (પશ્ચિમ)નુ લોકાર્પણ તથા રૂડા દ્વારા ઘનકચરા વ્યવસ્થાપન અર્થે ૩ રેફ્યુઝી કોમ્પેકટરનું લોકાર્પણ તેમજ રૂડાના ટી.પી.-૧૦ના ૧૮ મી. અને ૧૨ મી. રોડ, વાવડીથી કાંગશિયાળીના બીટયુમિનસ રોડ અને હાઈલેવલ બ્રિજ મળી કુલ <u>રૂ.૫૯૧.૭૩ કરોડના</u> વિવિધ પ્રોજેક્ટના લોકાર્પણ/ખાતમુહૂર્ત રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમનું સયુંકત ડાયસ વોર્ડ નં.૧૦માં નિર્માણ પામેલ કોમ્યુનિટી હોલ પાસેનું ગ્રાઉન્ડ, એસ.એન.કે. સ્કુલ પાછળ, યુનિ.રોડ, ખાતે સાંજના ૦૪:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને મેયર બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહેશે. તેમજ પ્રેરણાદાયી ઉપસ્થિતિ તરીકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ચેરમેન ધનસુખભાઈ ભંડેરી, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારી અંજલીબેન રૂપાણી, પ્રદેશ ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, જીલ્લા કલેકટર રેમ્યા મોહન, પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ ભીખાભાઈ વસોયા, અનુસુચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રી ભાનુબેન બાબરીયા, ડેપ્યુટી મેયર અશ્વિનભાઈ મોલીયા, પૂર્વ મેયર જૈમનભાઈ ઉપાધ્યાય, મહામંત્રી દેવાંગભાઈ માંકડ, કિશોરભાઈ રાઠોડ, જીતુભાઈ કોઠારી, અથિતિ વિશેષ તરીકે શાસક પક્ષ નેતા દલસુખભાઈ જાગાણી, વિપક્ષ નેતા વશરામભાઈ સાગઠીયા, દંડક અજયભાઈ પરમાર વિગેરે ઉપસ્થિત રહેશે.

<u>રાજકોટ મહાનગરપાલિકા</u>

- રૈયા સ્માર્ટ સિટી એરિયામાં રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનુ ખાતમુહૂર્ત ૫૪૮.૦૦ કરોડ
- શ્રી પૃથ્વીરાજ ચૌહાણ પ્રા.શાળા નં.૪૮ના નવા બિલ્ડીંગ ખાતમુહૂર્ત ૩.૦૩ કરોડ
- વોર્ડ નં.૧૩માં ડી.આઈ.પાઈપલાઈન નેટવર્કનું ખાતમુહૂર્ત ૧.૭૧ કરોડ
- વોર્ડ નં.૧૦માં નિર્માણ પામેલ કોમ્યુનિટી હોલનું લોકાર્પણ ૧૫.૦૦ કરોડ
- ૬ વેક્યુમ રોડ સ્વિપિંગ મશીનનું લોકાર્પણ ૪.૨૧ કરોડ

| | |
|---|---|
| • ૫૧ મિનિ ટીપરવાનનુ લોકાર્પણ | ૨.૫૪ કરોડ |
| <u>રાજકોટ જીલ્લા વહીવટી તંત્ર</u> | |
| • મામલતદાર કચેરી, રાજકોટ શહેર(પશ્ચિમ)નુ લોકાર્પણ | ૪.0૧ કરોડ |
| <u>રાજકોટ મહાનગરપાલિકા</u> | |
| • ધનકચરા વ્યવસ્થાપન અર્થે ૩ રેફ્યુઝી કોમ્પેકટરનુ લોકાર્પણ | ૧.૨૩ કરોડ |
| • ટી.પી.-૧૦ના ૧૮ મી. અને ૧૨ મી. રોડનુ ખાતમુહૂર્ત | ૮.0૪ કરોડ |
| • વાવડીથી કાંગશિયાળીના બીટયુમિનસ રોડનું ખાતમુહૂર્ત | ૧.૯૩ કરોડ |
| • હાઇલેવલ બ્રિજનું ખાતમુહૂર્ત | ૨.0૩ કરોડ |
| કુલ રૂ. | ૫૯૧.૭૩ કરોડ |

## કોમ્યુનિટી હોલની માહિતી:-

પ્રોજેકટનું નામઃ-રાજકોટ શહેર પશ્ચિમ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.-૧૦માં યુનિવર્સિટી રોડ લાગુ ટી.પી.સ્કીમનં.-૨ (નાનામવા), એફ.પી.નં.-૫૧૧માં કોમ્યુનીટી હોલ બનાવવાનું કામ.

રાજકોટ શહેરમાં પશ્ચિમ ઝોન હેઠળનાં વિકસીત વિસ્તારમાં વોર્ડ નં.-૧૦માં લગ્ન પ્રસંગ તેમજ અન્ય શુભ પ્રસંગો માટે કોમ્યુનીટી હોલની વ્યવસ્થા ન હોવાનાં કારણે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માં આધુનિક કોમ્યુનીટી હોલની સુવિધા આપવાનો નિર્ણય કરવામાં આવેલ. જે અન્વયે સંપૂર્ણ વાતાનુકુલીત અંદાજીત ૧૦૦૦ લોકોની ક્ષમતા ધરાવતો આધુનિક સુવિધાઓ સાથેનો જેમ કે દરેક ફલોર પર ડાઇનીંગ હોલ, કીચન, વોશીંગ, સર્વિસ સ્ટેઇર, સર્વિસ લીફ્ટ, મુખ્ય લીફ્ટ નંગ-૨, ગ્રાઉન્ડ ફલોર તેમજ સેલર પાર્કીંગ તથા શુભ પ્રસંગોએ આવતા મહેમાનોને કોમ્યુનીટી હોલમાં જ રહેવાની સુવિધા મળી રહે તે માટે ૧૦ (એ.સી.) ટોયલેટ-બાથ સાથેનાં રૂમ આધુનિક સવલતવાળા રૂમોનું આયોજન કરવામાં આવેલ છે.

વધુમાં, સદરહું કોમ્યુનીટી હોલને એનર્જી એફીશીયન્ટ બનાવવા માટે એલ.ઇ.ડી. લાઇટસ, સંપૂર્ણ હવા-ઉજાસ તેમજ ડબલ પ્લમ્બીંગ સીસ્ટમનું આયોજન કરવામાં આવેલ છે. કોમ્યુનીટી હોલનું આકર્ષક એલીવેશન તૈયાર કરવામાં આવેલ છે.

આ પ્રોજેકટની સંક્ષિપ્ત વિગત નીચે મુજબ છે.

- પ્લોટનું ક્ષેત્રફળ - ૩૭૬૩.૦૦ ચોરસ મીટર
- બાંધકામ ક્ષેત્રફળ - ૮૬૧૧.૦૦ ચો.મી. (૯૨૬૫૪.૦૦ ચો. ફુટ)
- બાંધકામનું અંદાજીત ખર્ચ - રૂા.૧૪.૪૪ કરોડ .
- સેલર પાર્કીંગ - ૨૩૬૮.૦૦ ચો.મી. (૨૫૪૭૯.૦૦ ચો. ફુટ)
- ગ્રાઉન્ડ ફલોર - ૧૮૦૦.૦૦ ચો.મી. (૧૯૩૬૮.૦૦ ચો. ફુટ)
- ફર્સ્ટ ફલોર - ૧૮૦૦.૦૦ ચો.મી. (૧૯૩૬૮.૦૦ ચો. ફુટ)
- સેકન્ડ ફલોર - ૧૮૦૦.૦૦ ચો.મી. (૧૯૩૬૮.૦૦ ચો. ફુટ)
- થર્ડ ફલોર - ૮૪૩.૦૦ ચો.મી. (૯૦૭૦.૦૦ ચો. ફુટ)

- સેલર તથા ગ્રાઉન્ડ ફ્લોર- પાર્કિંગ અને ઓફીસ એરિયા સિક્યુરીટી રૂમ
- પ્રથમ માળ-અંદાજીત ૧૦૦૦ લોકોની ક્ષમતા ધરાવતો સેન્ટ્રલી એ.સી. હોલ જેમાં અલગ ડાઇનીંગ હોલ, કિચન, સ્ટોર અને વોશીંગની સુવિધા.
- બીજો માળ- અંદાજીત ૧૦૦૦ લોકોની ક્ષમતા ધરાવતો સેન્ટ્રલી એ.સી. હોલ જેમાં ડાઇનીંગ હોલ, કિચન, સ્ટોર અને વોશીંગની સુવિધા.
- ત્રીજો માળ- ૧૦ (એ.સી.) રૂમ એટેચ ટોયલેટ સાથે તથા ડોરમેટરીની વ્યવસ્થા.
- ગ્રાઉન્ડ ફ્લોરથી થર્ડ ફ્લોર સુધી બે લીફ્ટ જનરેટર સુવિધા આપવામાં આવેલ છે.
- ફાયર સેફટી સિસ્ટમની સુવિધા આપવામાં આવેલ છે.

(પી.એ.ટુ મેયર)